# જો તમને 10 કરોડ 30 દિવસમાં ખર્ચ કરવાનું કહેવાય તો...?

**તમને યાદ છે નસીરુદ્દીન શાહની 1988માં આવેલી ફિલ્મ 'માલામાલ'? આ ફિલ્મમાં તે એક ગરીબ ક્રિકેટર છે. તેને ખબર પડે છે કે તેના દાદા તેના માટે 330 કરોડ રૂપિયાની સંપત્તિ છોડીને ગયા છે પણ તે સંપત્તિ મેળવવા માટે તેણે 30 દિવસમાં અમુક કરોડ રૂપિયા ખર્ચ કરવાના છે. આ તો થઈ ફિલ્મની વાત પણ અસલ જિંદગીમાં જો તમને 10 કરોડ રૂપિયા આપવામાં આવે અને તેને 30 દિવસમાં ખર્ચ કરવાનું કહેવામાં આવે તો? તમને તો મજા પડી જશે. તમે તો લક્ઝ્યુરિસ કાર કે પછી કરોડો રૂપિયાનો બંગલો લેવાનો વિચાર કરશો અથવા તો કોઈ સારા કામ માટે ચેરિટી કરવાનું વિચારશો. તમે શેરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું અથવા તેની FD બનાવવાનું કે પછી બેંકમાં સેવિંગ કરીને તેનું વ્યાજ વર્ષોવર્ષ ખાવાનું વિચારવા લાગશો ને? પણ ના, આ પૈસા તમે કશે પણ ઈન્વેસ્ટ નહીં કરી શકો કે નહીં ચેરિટી કરી શકો. બંગલો કે ગાડી પણ નથી ખરીદી શકતા. તો પછી આ પૈસા તમે 30 દિવસમાં કયાં ખર્ચ કરશો કે વાપરશો? સાચું કહેજો તમે મગજ દોડાવા લાગ્યા ને કે કઈ રીતે 10 કરોડ રૂપિયા 30 દિવસમાં ખર્ચ થઈ શકે? વિચારોના ઘોડાપૂરમાં એક વિચારમાં તમને વર્લ્ડ ટૂર કરવાની ઈચ્છા જાગી જશે. 10 કરોડ રૂપિયા મળી જ રહ્યા છે તો ફિલ્મ સ્ટારોને બોલાવી એક આલા ગ્રાન્ડ પાર્ટી યોજવાનો વિચાર પણ ઝબકી જશે. આ તો અમે અમારી કલ્પનાઓ રજૂ કરી છે પણ જ્યારે અમે સુરતની કેટલીક ફેમસ પર્સનાલિટીને આ સવાલ કર્યો કે 10 કરોડ રૂપિયા તમને મળે અને તે તમારે 30 દિવસમાં ખર્ચ કરવાના છે તો તેમણે જે જવાબ આપ્યા તે અમે તમારી સમક્ષ મૂકી રહ્યા છીએ...**



## લાઈફ સ્ટાઇલ અપગ્રેડ કરવામાં, શોર્ટ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં પૈસા ખર્ચ કરીશ: યુક્તિ રાંદેરીયા



ગુજરાતી ફિલ્મની લીડ એક્ટ્રેસ યુક્તિ રાંદેરીયા અલથાણ વિસ્તારમાં રહે છે. આ 24 વર્ષની અભિનેત્રીની પહેલી ફિલ્મ હતી 'કહી દે ને પ્રેમ છે', ત્યાર બાદ 'સૈયર મોરી રે' અને 'વેનીલા આઈસ્ક્રીમ'માં પણ તેમણે અભિનયના ઓજસ પાથર્યા છે. તેમણે હિન્દી સીરિયલ 'બાલિકા વધૂ-2' માં પણ અભિનય કર્યો હતો. જ્યારે તેમની સમક્ષ પ્રશ્ન કરવામાં આવ્યો કે જો તમને 10 કરોડ રૂપિયા આપવામાં આવે અને તે તમારે 30 દિવસમાં ખર્ચ કરવાના છે તો કઈ રીતે ખર્ચ કરશો? ત્યારે ફર્સ્ટ તો તેમણે મનને ગમી જાય તેવું મધુર હાસ્ય પાથરતા કહ્યું કે, ''આ રકમ ઘણી મોટી કહેવાય. જો કે હું એક્સપિરિયન્સ બિલ્ડ કરવામાં માનું છું. મારા અને મારા પરિવાર માટે અને મારી આસપાસના લોકો માટે હું અલગ અલગ કન્ટ્રીની લક્ઝુરિયસ ટ્રીપ ગોઠવીશ. નવા કલ્ચરને શીખવા, નવી એક્ટિવિટી, નવી વસ્તુ શીખવા અને શોર્ટ ટર્મનો ફિલ્મ કે એક્ટિંગને લાગતો કોઈ કોર્સ શીખવા પાછળ ખર્ચ કરીશ. શોર્ટ ફિલ્મ પણ પ્રોડ્યુસ કરીશ. જેના પ્રોડક્શન પાછળ તો ખર્ચ થશે જ સાથે ફિલ્મ બનાવવા જેટલા પણ લોકોને હું કામ આપીશ તેમને મહેનતાણું, જે ફિલ્મનાં દ્રશ્યો ક્રિએટ કરાશે તેનો પણ ખર્ચો થશે. હું ફિલ્મ ફેસ્ટિવલ જેવી કોઈ મોટી ઇવેન્ટ ઓર્ગેનાઇઝ કરીશ. એક બીજી વાત મને જે 10 કરોડ રૂપિયા મળશે તેમાંથી હું ઘણાખરા પૈસા નવા આર્ટિસ્ટ પાછળ ખર્ચ કરીશ. જે નવા આર્ટિસ્ટે પોતાની આર્ટ બતાવવી છે, પોતાનું ટેલેન્ટ બતાવવું છે પણ તેમને પ્લેટફોર્મ નથી મળતું તેમને પ્લેટફોર્મ મળે તે માટે હું એક કોમ્પિટિશનનું આયોજન કરીશ. કોમ્પિટિશનની મોટી ઇવેન્ટમાં નવા આર્ટિસ્ટને પોતાનું ટેલેન્ટ બતાવવાનો મોકો મળશે અને આગળ જતાં તે કોમ્પિટિશન તેમનો બેઝ બની શકે. હું આવા આર્ટિસ્ટને સ્ટેજ આપવા પૈસા ખર્ચ કરીશ. હું તો લક્ઝ્યુઅરિયસ કાર પણ ખરીદવા માંગું છું. જો કે તે ઇન્વેસ્ટમેન્ટ બની જાય અને મારે તો પૈસા ખર્ચ કરવાના છે તો હું એક્સપિરિયન્સ બિલ્ડ કરવા પાછળ જ પૈસા ખર્ચ કરીશ.''

## એન્ટાર્કટિકાની ટૂર કરીશ અથવા સ્પેસ યાત્રા કરીશ, મિત્રો માટે ગ્રાન્ડ પાર્ટી: ડૉ. પ્રિયંક દેસાઈ



ન્યૂ સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 46 વર્ષીય ડૉ. પ્રિયંક દેસાઈ ઓર્થોપેડિક સર્જન છે. તેમણે જણાવ્યું કે, ''મને 10 કરોડ રૂપિયા આપવામાં આવે અને તેમાંથી હું જો કોઈને પૈસા ના આપી શકું કે ચેરિટી ના કરી શકું તો 30 દિવસમાં આટલી મોટી રકમ ખર્ચ કરવી ડિફિકલ્ટ છે'' કહેતાં કહેતાં તેઓ ખડખડાટ હસી પડ્યા પછી તેમણે 10 કરોડ રૂપિયા કઈ રીતે ખર્ચ કરશે તેના આયોજન વિશે કહ્યું કે, ''ફેમિલી અને ફ્રેન્ડ સાથે લક્ઝુરિયસ ટૂર કરી શકાય. ખાસ તો યુરોપ કે ન્યુઝિલેન્ડની ટૂર કરી શકાય. મને એન્ટાર્કટિકા જવાની ઈચ્છા છે. મેં સાંભળ્યું છે કે એન્ટાર્કટિકાની ક્રુઝમાં ટૂર 15 દિવસની હોય છે. સાઉથ અમેરિકાથી ક્રુઝ જતી હોય છે. આ એકદમ ડિફરન્ટ ટ્રાવેલિંગ ગણાય. અહીં અત્યાર સુધી તો સાયન્ટિસ્ટ સંશોધનો માટે જતાં હવે બીજા લોકો પણ અહીંની ટૂર કરી શકે છે. અહીં તમે ડ્રેક પેસેજ, ફોકલેન્ડ આઇલેન્ડ, દક્ષિણ જોર્જીયા (આલ્પ્સ ઇન ધ મીડ ઓશન) અહીં ફરી શકાય છે. એન્ટાર્કટિકા એક એવો ખંડ છે જ્યાં સામાન્ય લોકો બહુ જ ઓછા ગયા છે. મને અહીં ફરવા જવાની ઈચ્છા તો છે. હવે તો ચાર જેટલી કંપનીઓએ પ્રાઇવેટ વ્યક્તિઓ માટે સ્પેસ ટૂર (અંતરિક્ષ યાત્રા) શરૂ કરી છે. એલન મસ્કની સ્પેસ એક્સ કંપની ફ્યુ અવર્સ માટે અંતરિક્ષ યાત્રા કરાવે છે. અંતરિક્ષ યાત્રામાં ઝીરો ગ્રેવીટીનો અનુભવ અને ઉપરથી અર્થનો વ્યૂ જોઈ શકો, આટલું થઈ શકે. ત્રીજું એક ભવ્ય ક્રુઝ ટૂર મારા પરિવાર સાથે કરવાની યોજના બનાવીશ. ફેમિલી અને ફ્રેન્ડ્સને ઇન્ટરનેશનલ ટૂર કરાવીશ. આ ટૂર સિંગાપુરની ક્રુઝ ટૂર રહેશે અને અઠવાડિયાની આ ટૂર દરમિયાન હું મિત્રોને ગ્રાન્ડ પાર્ટી આપીશ. 10 કરોડ મળે તો આવું કાંઈક કરીને 30 દિવસમાં આ પૈસા વાપરીશ. જો કે આ બધામાં ફરક એ પડે કે મહિના દરમિયાન 10 કરોડ રૂપિયા વપરાય તો જાય પણ અહીંયા મહિનામાં તમારો ધંધો સાફ થઈ જાય.'' આ લાસ્ટ સેન્ટન્સ બોલતાં તેઓ ફરી ખડખડાટ હસી પડ્યા.

⇨













